# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૯/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'બૌદ્ધિક સંપદા હકકો, તમારી બ્રાન્ડ અને બિઝનેસને સુરક્ષિત કરો' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨૮ જૂન ૨૦૨૧ના રોજ 'બૌદ્ધિક સંપદા હકકો, તમારી બ્રાન્ડ અને બિઝનેસને સુરક્ષિત કરો' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે કંપની સેક્રેટરી એન્ડ ટ્રેડમાર્ક એટોર્નિ રિચા ગોયલ દ્વારા ટ્રેડમાર્ક, ડિઝાઇન, કોપીરાઇટ અને પેટન્ટ રજિસ્ટ્રેશન વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રિચા ગોયલે જણાવ્યું હતું કે, દેશમાં એકમાત્ર સુરત એવું શહેર છે કે જ્યાં ઉદ્યોગ સાહસિકો અન્ય શહેરોની તુલનામાં વધારે જોવા મળે છે. સુરતમાં ખાસ કરીને ટેકસટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં વિવિધ બ્રાન્ડ જોવા મળે છે. નાનાથી લઇને મોટા બ્રાન્ડ અહી છે. આવા સંજોગોમાં કોઇપણ બિઝનેસમાં બ્રાન્ડીગ અને ટ્રેડમાર્કનું મહત્વ વધી જાય છે. કોઇપણ પ્રોડકટની બ્રાન્ડ બનતા વર્ષો લાગી જાય છે પણ તેને પ્રોટેકટ કરવા માટે ટ્રેડમાર્કની જરૂર પડે છે. આથી તેમણે જુદા–જુદા બ્રાન્ડના દાખલા આપીને બ્રાન્ડીગ અને આઇટી લો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, જમીન – મિલકતને પ્રોપર્ટી કહેવામાં આવે છે. એવી રીતે ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ હેઠળ બૌદ્ધિક સંપદાની સુરક્ષા કરી શકાય છે. તમારી પ્રોડકટ કે બ્રાન્ડનું અન્ય કોઇ કંપની કે લોકો કોપી નહી કરે તેમજ તમારી પ્રોડકટ કે બ્રાન્ડના નામથી તેઓ અન્ય પ્રોડકટનું વેચાણ નહી કરી શકે તે માટે તમારી પ્રોડકટને સુરક્ષિત કરવા માટે ટ્રેડમાર્ક એકટ હેઠળ રજિસ્ટર્ડ કરવાની જરૂર હોય છે. ટ્રેડમાર્ક એકટ હેઠળ ઘણા

માર્કસ આવતા હોય છે. જેમાં વર્ડ માર્કસ, સાઉન્ડ માર્કસ, હોલોગ્રામ માર્કસ, કલર્સ, સ્મેલ એન્ડ ટેકસચ્યુર માર્કસ, ફિગરેટીવ એલીમેન્ટ્સ અને લોગોનો સમાવેશ થાય છે. જે અંતર્ગત ટ્રેડમાર્ક એકટ હેઠળ પ્રોડકટ કે બ્રાન્ડનું રજિસ્ટ્રેશન થાય છે.

ઇન્ડિયન ટ્રેડમાર્ક એકટ ૧૯૪૦માં ટ્રેડમાર્કનો કાયદો પસાર કરવામાં આવ્યો હતો. જો તમારી પ્રોડકટ લોકો પસંદ કરતા થયા હોય અને તમે એને ટ્રેડમાર્ક અંતર્ગત રજિસ્ટર્ડ નહી કરો તો અન્ય કોઇ કંપની તેને પોતાના નામે રજિસ્ટર્ડ કરી શકે છે. આથી ટ્રેડમાર્ક અંતર્ગત રજિસ્ટર્ડ થયા બાદ તેની કોઇ કોપી નહી કરી શકે. તેમણે કોકા–કોલા, માઇક્રોસોફટ, આઇબીએમ અને ઇન્ટેલ કંપનીના દાખલા આપી આ બાબતની સમજણ આપી હતી.

તેમણે કહયું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાએ વર્લ્ડ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ ખૂબ જ એકટીવ છે અને સુરતમાં મોટાભાગના ઉદ્યોગકારો પોતાની પ્રોડકટ એકસપોર્ટ કરે છે. આથી આવા ઉદ્યોગકારોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેઓની પ્રોડકટ કે બ્રાન્ડનું પેટન્ટ હેઠળ ચોકકસપણે રજિસ્ટ્રેશન કરવું જોઇએ. જે દેશમાં તેઓની પ્રોડકટનું એકસપોર્ટ થાય છે તે દેશમાં રજિસ્ટ્રેશન કરવામાં આવે તો અન્ય કોઇ કંપની તેઓની પ્રોડકટ અંગે પોતાનો દાવો મુકી શકશે નહી.

ચેમ્બરની આઇપીઆર–આઇએસઓ કમિટીના ચેરમેન કિર્તીકુમાર પટેલે વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે કો–ચેરમેન મનિષ પટેલે વકતાનો પરિચય આપ્યો હતો અને અંતે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન પણ કર્યું હતું.